# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૧/૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'અપીલ્સ ઓન ડીમોનિટાઇઝેશન ઇશ્યુઝ બીફોર સીઆઇટી (એ.એસ.) એન્ડ ટેક્ષ ક્લીનિક' વિષય ઉપર અવેરનેસ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશન, સુરતના સંયુકત ઉપક્રમે શુક્રવારે, તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'અપીલ્સ ઓન ડીમોનિટાઇઝેશન ઇશ્યુઝ બીફોર સીઆઇટી (એ.એસ.) એન્ડ ટેક્ષ ક્લીનિક' વિષય ઉપર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતાશ્રીઓ તરીકે શહેરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મિતિષ મોદી અને શ્રી પ્રજ્ઞેશ જગાસેઠ દ્વારા હેતુલક્ષી વકતવ્ય રજૂ કરી અપીલ કરતી વખતે ધ્યાનમાં રાખવામાં આવતી જોગવાઇઓ વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ચેમ્બરનો અભિગમ ઇન્ડસ્ટ્રીના લોકોની મુશ્કેલીનો ઉકેલ લાવવાનો છે. આજના સેશનમાં નિષ્ણાંત તમને ટેક્ષને લગતુ મહત્વનુ માર્ગદર્શન આપશે.

વકતા સીએ મિતીષ મોદીએ જણાવ્યુ હતુ કે, નોટબંધીના વર્ષ ૨૦૧૬–૧૭ને લગતી ઇન્કમ ટેક્ષ કાયદા હેઠળની આકારણી હાલ ડિસેમ્બર ૨૦૧૯માં પૂરી થઇ છે ત્યારે આ સમયગાળા દરમિયાન હાઇપીચ એસેસમેન્ટ થાય છે. આવા સંજોગોમાં જે એસેસીને સ્વીકાર્ય નહી હોય ત્યારે તેને અપીલમાં જવાનુ થાય છે. સૌપ્રથમ કમિશનર ઓફ ઇન્કમ ટેક્ષ ઓફ અપીલ્સને અપીલ કરવાનુ હોય છે. આ અપીલ કરતી વખતે ધ્યાનમાં રાખવાની તમામ જોગવાઇઓ અંગે તેમણે વિસ્તૃતપણે સમજણ આપી હતી. ગ્રાઉન્ડ્સ ઓફ અપીલ, એડીશનલ ગ્રાઉન્ડ્સ અને એડીશનલ ઇવીડન્ટ્સ વિગેરે કઇ રીતે તૈયાર કરવા તે વિશે માહિતી આપી હતી. સાથે જ સ્ટેટમેન્ટ ઓફ ફેકટ્સ

કેવી રીતે તૈયાર કરી રજુ કરવુ તથા કમિશનર ઓફ ઇન્કમ ટેક્ષ અપીલ્સને એન્હાન્સમેન્ટ તેમજ પેનલ્ટી કરવાની સત્તાઓ અંગે પણ સમજણ આપી હતી.

સીએ પ્રજ્ઞેશ જગાસેઠે પણ પોતાના વકતવ્યમાં પોતાની તરફેણમાં અપીલને લાવવા માટે કઇ બાબતોનું પાલન કરવુ જોઇએ તે અંગે માહિતી આપી હતી. તેમણે ટ્રિબ્યુનલ, હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના રસપ્રદ ચૂકાદાની છણાવટ કરી સમજણ આપી હતી. સેશનમાં બંને વકતાશ્રીઓએ પ્રોફેશનલ્સના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા.

આ સેશનમાં ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના પ્રમુખ એડવોકેટ અનિલ શાહ અને માનદ્ મંત્રી શ્રી દિપેશ શાકવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. જયારે માજી પ્રમુખ શ્રી ધર્મેશ ગોળવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.